| GJKT060000952026 | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ :- | ૧૨/૦૨/૨૦૨૬ | | | |
| રજુ તારીખ :- | ૧૨/૦૨/૨૦૨૬ | | | |
| ફેસલ તારીખ :- | ૦૨/૦૭/૨૦૨૬ | | | |
| સમય :- | વર્ષ | માસ | દિવસ | |
| | ૦૦ | ૦૪ | ૨૦ | |

सत्यमेव जयते

**<u>મહે. દયાપરના જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમા, મું.દયાપર.</u>**

**આંક-**

| ફરીયાદી:- | શ્રી સરકાર |
|---|---|
| વિરૂધ્ધ | |
| આરોપી :- | **નરપતસિંહ ગોવુભા ચૌહાણ**<br>રહે.માતાનામઢ, તા.લખપત-કચ્છ. |

| તહોમત :- | ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબ. |
|---|---|

---

**ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. એન.જે.પુજારા**

**આરોપી તરફે વિ.વકીલ શ્રી. એસ.વી.ગઢવી**

---

**-: ચુકાદો :-**

(૧) આ કામના આરોપી સામે દયાપર પોલીસ સ્ટેશનમાં ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ) મુજબનો ગુનો નોધાયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના ભોગવટામાં ગેરકાયદેસર રીતે દેશીદારૂ લીટર-૨.૫ જેની કિં.રૂા.૫૦૦/- નો રાખી પ્રોહીબીશન મુદ્દામાલ સાથે હાજર ન મળી આવી પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

(૩) સદરહું ફરીયાદીની ફરીયાદના આધારે પી.એસ.ઓ.એ ગુનો નોધી, આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ, ચાર્જશીટ કરેલું.

(૪) સદરહુ ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી સારૂ અત્રેની અદાલતમાં તબદીલ થયેલું. તે ગુનાનું કોગ્નીઝન્સ લઈ, તે ચાર્જશીટને અત્રેની અદાલતમાં ક્રિમીનલ કેસ રજીસ્ટ્રરે નોધવામાં આવેલું. ત્યારબાદ, આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર રહેલા. આરોપીને પોલીસ પેપર્સની નકલ પુરી પાડી, આરોપી વિરૂધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ, આંક–૦૫ થી આરોપીની પ્લી નોધતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | પંચસાહેદ મામદ સુમાર ચાકીની જુબાની |
| ૨. | ૦૭ | પંચનામું |
| ૩. | ૧૦ | ફરીયાદી દશરથસિંહ ભુપતસિંહ વાઘેલાની જુબાની |
| ૪. | ૧૧ | અસલ ફરીયાદ |
| ૫. | ૧૨ | રવાનગી પત્રક |

(૬) આ સીવાય બીજા કોઈ પુરાવા રજૂ થયેલ ન હોય. સબબ કામ આરોપીનુ વિશેષ નિવેદન માટે રાખેલ, પરંતુ પુરતી તક આપ્યા છતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ ન હોય આરોપીનો વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવામાં આવેલ. ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી અને બચાવપક્ષ તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૭) આ કામે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના ભોગવટામાં ગેરકાયદેસર રીતે દેશીદારૂ લીટર–૨.૫ જેની કિં.રૂા.૫૦૦/– નો રાખી પ્રોહીબીશન મુદ્દામાલ સાથે હાજર ન મળી આવી

પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**–: કારણો:–**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે પંચસાહેદ–મામદ સુમાર ચાકીને આંક–૬ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ચાર માસ પહેલા મફત નગર બસ સ્ટેશન પાસે તેઓ હાજર હતા ત્યારે પોલીસે તેમની પાસે આવીને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલ જે આંક–૭ વાળા પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. પરંતુ તેઓએ પંચનામા અંગે કોઈ માહિતી ન હોવાનું જણાવેલ છે. આમ પચંસાહેદે પંચનામાની વિગતને સમર્થન આપેલ ન હોઈ સદર પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે ફરિયાદપક્ષ તરફે ફરીયાદી – દશરથસિંહ ભુપતસિંહ વાઘેલાને આંક–૧૦ થી તપાસવામાં આવેલા છે તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૬/૧૨/૨૦૨૬ ના રોજ સરકારી વાહનથી પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા માતાનામઢ ગામે મફતનગર બસ સ્ટેશન પાસે આવતા ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે નરપતસિંહ ગોવુભા ચૌહાણ રહે. ચૌહાણવાસ, માતાનામઢ, તા.લખપત વાળા માતાનામઢ ગામમાં આવેલ ઈદગાહની સામેના ભાગે આવેલ રોડની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર રીતે દેશીદારૂ રાખી વેંચાણ કરે છે અને હાલે પણ પ્રવૃતિ ચાલુમાં છે તેવી બાતમી હકિકત મળતા તુરંત જ બે રાહદારી પંચોને બોલાવી બાતમી હકિકતની સમજ કરી સદરહુ જગ્યાએ જવા રવાના થયેલા અને મળેલ બાતમી મુજબની જગ્યાએ પહોંચતા નરપતસિંહ ગોવુભા ચૌહાણ રહે.

ચૌહાણવાસ, માતાનામઢ, તા.લખપત વાળો ત્યાં જોવામાં આવેલ નહીં જેથી આ જગ્યાની આજુબાજુ તપાસ કરતા એક કાપડની થેલી મળી આવેલ જેને ખોલી જોતા તેમાં પ્લાસ્ટીકની થેલીમાં જોતા આશરે ૫૦૦ એમ.એલ.ની ક્ષમતા વાળી સફેદ કલરનું પ્રવાહી ભરેલ પારદર્શક પ્લાસ્ટીકની કોથળીઓ નંગ–૦૫ મળી આવેલ જે કોથળીઓમાં દરેક કોથળીઓ ખોલી તેમાં રહેલ સફેદ પ્રવાહી હાજર પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી જોતા તેમાંથી દેશીદારૂની વાસ આવતી હોઈ આશરે ૩૦૦ એમ.એલ. જેટલો દેશીદારૂ સેમ્પલ અર્થે કિં.રૂા.૦૦/– ગણી કબ્જે કરેલ અને બાકીનો દારૂ આશરે લીટર–૨.૫ કિં.રૂા.૫૦૦/– નો પંચનામાની વિગતે કબ્જે કરેલ જે પંચનામું સાથેના એ.એસ.આઈ. રાજેશભાઈએ કલાક–૧૯:૫૦ થી ૨૦:૨૦ સુધી કરેલ જે અંગે તેઓએ આંક–૧૧ વાળી ફરીયાદ નોંધાવેલ. સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, ફરીયાદમાં તેમણે પંચોના નામઠામ જણાવેલ નથી. બનાવવાળી જગ્યાએ સરકારી રસ્તો આવેલ છે. તપાસ કરનાર તેમના સિનિયર અધિકારી છે.

(૧૧) આ કામે ફરિયાદીની ફરિયાદ આંક–૧૧ થી રજુ થયેલ છે. પરંતુ ફરીયાદીના પુરાવાથી ફરીયાદની વિગત નિ:શંકપણે પુરવાર થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૧૨) આ કામે પંચનામું રજુ થયેલ, પરંતુ તે પંચનામાના પંચ સાહેદનો પુરાવો નોધાયેલ હોવા છતાં તે પંચનામાની વિગત પુરવાર કરેલ નથી તેથી તે પંચનામું બિનપુરવાર રહેલ છે.

(૧૩) જે રીતે ફરીયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીનો સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી પ્રોહી એકટની કલમ ૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ પંચનામું સાબિત થયેલ માની લઈએ તો,આ કામે આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ દારૂ મળેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામે ફરીયાદપક્ષે તપાસેલા પંચસાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેમજ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી તેમજ આ કામે ફરીયાદી એ પોલીસના માણસ છે. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવા રજુ કરેલ નથી. આ કામે ફરીયાદીને તપાસેલ છે અને તેઓએ ફરીયાદની વિગત નિ:શંકપણે પુરવાર કરેલ નથી. તેમજ પંચ સાહેદ પણ પંચનામાની વિગતને સમર્થન આપતા નથી. મુદ્દામાલ આરોપીના કબ્જામાંથી મળેલ હોય તે પુરવાર થતું નથી. જેથી આ કામે બાકીના સાહેદો ને તપાસવા થી પણ સદર કામના ગુન દોષ ઉપર કોઇ ફેર પડવાના નથી જે આ કોર્ટનું માન્વું છે, તે સંજોગોમાં સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧) આ કામના આરોપી નરપતસિંહ ગોવુભા ચૌહાણ રહે.માતાનામઢ, તા.લખપત-કચ્છ. વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૨૭૧(૧)અન્વયે ધી પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ) મુજબના ગુનામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે મુદ્દામાલ પાવતીથી કબજે લીધેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ- ૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકો અપીલના સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના નવા જામીન તથા એટલીજ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ.દયાપર.**

**તા. ૦૨/૦૭/૨૦૨૬** **(હરપ્રિત સિંઘ)**

**જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ, દયાપર.**

**(યુ.આઈ.ડી. નં. જી.જે. ૦૧૪૨૭)**